रेल भर्ती बोर्ड / RAILWAY RECRUITMENT BOARDS

सी ई एन आर पी एफ - ०१/२०२४ - CEN RPF - 01/2024

# RRB RPF Sub-Inspector 2024

## RPF Sub-Inspector (Executive) · CEN RPF 01/2024 · CBT · Question Paper

**Gujarati**

All 2 Shifts (Sets) · Official Answer Key

## About this Compilation

This booklet contains all **2 shift papers** of the **RRB RPF Sub-Inspector 2024** examination in **Gujarati**, with the correct option marked as per the official answer key.

✓ Correct option (highlighted green)

**This Gujarati book carries 2 of the 15 shifts** (listed in the Index). The Gujarati paper of the other 13 shifts was not available to us, so they are not included here; nothing is machine translated. Every shift is in the English book.

### How to use

- Use the **Index** page to jump directly to any set (clickable).
- Questions appear section by section in the order of the paper, numbered 1 onward.
- Diagram and wide-table questions appear at full width at the end of their section.
- The correct answer is highlighted in green with a tick.

### More from QMaths


Check your marks, normalized score and zone-wise rank free at **rank.qmaths.in**. Master English vocabulary with the **Blackbook** app.




*Toppers' Choice, Blackbook of English Vocabulary, Now available in App format : DOWNLOAD NOW*

# Index — All Sets (click to open)


Set 1 03 Dec 2024
4:00 PM - 5:30 PM

Set 2 13 Dec 2024
9:00 AM - 10:30 AM

## Arithmetic

35 Questions • Answer Key

**Q1** Arithmetic

એક નક્કર લંબઘનની ત્રણ પાસપાસેની (સંલગ્ન) ફલકોનું ક્ષેત્રફળ 27 $cm^2$, 32 $cm^2$ અને 254 $cm^2$ છે. આ લંબઘનનું ઘનફળ ($cm^3$ માં) કેટલું છે?

- A. 1163
- B. 941
- C. 963
- D. 1016 ✓

**Q2** Arithmetic

એક રકમને જ્યારે વાર્ષિક 20% દરે સાદા વ્યાજ પર રોકાણ કરવામાં આવે છે, ત્યારે 4 વર્ષ પછી તે ₹2160 થઈ જાય છે. આ જ રકમ પર 2 વર્ષમાં સમાન દરે સાદું વ્યાજ (₹ માં) કેટલું થાય?

- A. 1920
- B. 240
- C. 480 ✓
- D. 960

**Q3** Arithmetic

ચાર વર્ષ પહેલાં, P, Q અને Rની સરેરાશ ઉંમર 25 વર્ષ હતી. જો ત્રણ વર્ષ પહેલા, P અને Q ની સરેરાશ ઉંમર 20 વર્ષ હતી, તો R ની વર્તમાન ઉંમર શોધો.

- A. 34 વર્ષ
- B. 41 વર્ષ ✓
- C. 38 વર્ષ
- D. 35 વર્ષ

**Q4** Arithmetic

લતિકા અને હિમાનીએ ભેગા મળીને એક બિઝનેસમાં ₹47800 નું રોકાણ કર્યું. વર્ષના અંતે, ₹7500 ના કુલ નફામાંથી, લતિકાનો હિસ્સો ₹2700 હતો. હિમાનીનું રોકાણ કેટલું હતું?

- A. ₹31305
- B. ₹28855
- C. ₹32405
- D. ₹30592 ✓

**Q5** Arithmetic

બે સંખ્યાઓનું લ.સા.અ અને ગુ.સા.અ અનુક્રમે 192 અને 32 છે. જો એક સંખ્યા 64 હોય, તો બીજી સંખ્યા શોધો.

- A. 96 ✓
- B. 97
- C. 99
- D. 93

**Q6** Arithmetic

જો એક સંખ્યાના 25% ને 72માં ઉમેરવામાં આવે, તો પરિણામ એ જ સંખ્યા છે. આ જ સંખ્યાના 60% _____ છે.

- A. 87.6
- B. 57.6 ✓
- C. 77.6
- D. 27.6

**Q7** Arithmetic

ફર્નિચરની ત્રણ વસ્તુઓની સરેરાશ કિંમત ₹16020 છે. જો તેમની કિંમતો 3 : 5 : 7 ના ગુણોત્તરમાં હોય, તો સૌથી મોંઘી વસ્તુની કિંમત (₹ માં) શું છે?

- A. 7476
- B. 3204
- C. 22428 ✓
- D. 5340

**Q8** Arithmetic

એક ટ્રેન 296 kmનું અંતર કાપવા માટે 148 km/h ની ઝડપે દોડે છે અને ત્યારબાદ 294 kmનું અંતર કાપવા માટે 98 km/h ની ઝડપે દોડે છે. સમગ્ર અંતર માટે ટ્રેનની સરેરાશ ઝડપ શોધો.

- A. 118 km/h ✓
- B. 132 km/h
- C. 114 km/h
- D. 131 km/h

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q9** Arithmetic

જો સમાન વ્યાજ દરે, 2 વર્ષમાં, સાદું વ્યાજ ₹60 છે અને ચક્રવૃદ્ધિ વ્યાજ ₹64 છે, તો મુદ્દલ (₹માં) છે?

A. 229
B. 220
C. 225 ✓
D. 218

**Q10** Arithmetic

એક ટ્રેન 411 kmનું અંતર કાપવા માટે 137 km/h ની ઝડપે દોડે છે અને ત્યારબાદ 327 kmનું અંતર કાપવા માટે 109 km/h ની ઝડપે દોડે છે. સમગ્ર અંતર માટે ટ્રેનની સરેરાશ ઝડપ શોધો.

A. 87 km/h
B. 125 km/h
C. 123 km/h ✓
D. 115 km/h

**Q11** Arithmetic

'x' નું નાનામાં નાનું એવું મૂલ્ય શોધો કે જેથી સંખ્યા 9052743x2 ને 8 વડે ભાગી શકાય.

A. 8
B. 3
C. 9 ✓
D. 7

**Q12** Arithmetic

જેને 15, 63, 21 અને 70 વડે ભાગી શકાય તેવી સૌથી નાની પ્રાકૃતિક સંખ્યા _______ છે.

A. 587
B. 630 ✓
C. 632
D. 531

**Q13** Arithmetic

₹6.90 પ્રતિ લિટરની કિંમતના 40 લિટર દૂધમાં કેટલું પાણી મિશ્ર કરવું જોઇએ કે જેથી મિશ્રણની કિંમત ₹ 4.60 પ્રતિ લિટર રાખી શકાય?

A. 10 લિટર
B. 15 લિટર
C. 25 લિટર
D. 20 લિટર ✓

**Q14** Arithmetic

રાઘવે એક સેલ દરમિયાન ₹50 છાપેલ કિંમતવાળી નોટબુક 40% વળતર પર અને ₹32 છાપેલ કિંમત વાળી પેન 50% વળતર પર ખરીદી હતી. સેલને કારણે તેણે કેટલી (₹ માં) બચત કરી?

A. 36 ✓
B. 33
C. 39
D. 38

**Q15** Arithmetic

ત્રણ ભાગીદારોએ 3:9:8ના ગુણોત્તરમાં એક વ્યવસાયમાં રોકાણ કર્યું હતું. તેઓએ તેમની મૂડીનું રોકાણ અનુક્રમે 10 મહિના, 1 મહિના અને 4 મહિના માટે કર્યું. તેમના નફાનો ગુણોત્તર શું હતો?

A. 30:9:32 ✓
B. 31:9:32
C. 28:9:32
D. 32:9:32

**Q16** Arithmetic

એક માણસ એક નજારાના સ્થળ પર ચાલતો જાય છે અને ત્યાંથી કારમાં ગતિ જાળવી રાખીને પ્રારંભિક બિંદુ પર પાછો ફરે છે. આમ તે કુલ 9 કલાક 30 મિનિટનો સમય લે છે. તે જો બંને તરફી મુસાફરી વાહનથી કરત તો તેના 7 કલાક બચ્યા હોત. તે બંને તરફની મુસાફરી સમાન ઝડપ જાળવી રાખીને ચાલતા કરે તો તેને કેટલો સમય લાગ્યો હોત?

A. 15 કલાક 15 મિનિટ
B. 16 કલાક 15 મિનિટ ✓
C. 17 કલાક 30 મિનિટ
D. 16 કલાક 45 મિનિટ

**Q17** Arithmetic

એક બેંક અર્ધવાર્ષિક ધોરણે ગણતરી કરીને વાર્ષિક 6.6% દરે ચક્રવૃદ્ધિ વ્યાજ આપે છે. એક ગ્રાહક કોઈ એક વર્ષના 1 જાન્યુઆરી અને 1 જુલાઈના રોજ પ્રત્યેક ₹4823 ની રકમ જમા કરે છે. વર્ષના અંતે, તેણે વ્યાજ દ્વારા મેળવેલી રકમ_______ છે. [તમારો જવાબ 2 દશાંશ સ્થાન સુધી સાચો આપો.]

A. ₹474.94
B. ₹482.72 ✓
C. ₹479.07
D. ₹462.72

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q18** Arithmetic

7 સંખ્યાઓની સરેરાશ 45 છે. જો દરેક સંખ્યામાં 5 નો ઘટાડો થાય, તો નવી સરેરાશ શું હશે?

A. 35
B. 45
C. 40 ✓
D. 7

**Q19** Arithmetic

મૂલ્યાંકન કરો: $85^2$

A. 7225 ✓
B. 7235
C. 7195
D. 7245

**Q20** Arithmetic

એક ચોરસ પ્લોટનું ક્ષેત્રફળ 841 $m^2$ છે. પ્લોટની દરેક બાજુની લંબાઈ (m માં) _______ છે.

A. 29 ✓
B. 39
C. 41
D. 31

**Q21** Arithmetic

જો 36 અને 18 નું ત્રીજું પ્રમાણપદ x હોય, તો x નું મૂલ્ય કેટલું છે?

A. 7
B. 10
C. 9 ✓
D. 11

**Q22** Arithmetic

ડેવીડે 172 ખુરશીઓ વેચી અને તેને 86 ખુરશીઓની વેચાણ કિંમત જેટલો નફો થયો. તેના નફાની ટકાવારી કેટલી છે?

A. 110%
B. 105%
C. 95%
D. 100% ✓

**Q23** Arithmetic

એક ટ્રેન 81 kmph ની ઝડપે 405 km નું અંતર કાપે છે અને ત્યારબાદ 88 kmph ની ઝડપે 176 km નું અંતર કાપે છે. સમગ્ર અંતર માટે ટ્રેનની સરેરાશ ઝડપ શોધો.

A. 83 kmph ✓
B. 133 kmph
C. 53 kmph
D. 129 kmph

**Q24** Arithmetic

લલિતની સરેરાશ કમાણી વર્ષના પ્રથમ ત્રણ મહિનામાં દર મહિને ₹38360 હતી. એપ્રિલમાં, તેની કમાણી પ્રથમ ત્રણ મહિનાની સરેરાશ કમાણી કરતાં 50% વધુ હતી. જો આખા વર્ષ માટે તેની દર મહિને સરેરાશ કમાણી ₹55065 હોય, તો લલિતની મે મહિનાથી ડિસેમ્બર સુધીની દર મહિને સરેરાશ કમાણી (₹માં) કેટલી હશે?

A. 61015
B. 61025
C. 61020 ✓
D. 61018

**Q25** Arithmetic

બે સંખ્યાઓનું લ.સા.અ અને ગુ.સા.અ અનુક્રમે 150 અને 5 છે. જો એક સંખ્યા 15 હોય, તો બીજી સંખ્યા શોધો.

A. 48
B. 52
C. 50 ✓
D. 49

**Q26** Arithmetic

એક દુકાનદાર એક વસ્તુની કિંમત ₹x અંકિત કરે છે અને તેના પર 60% વળતર આપે છે. વળતર પછીની કિંમત પર 25% VAT વસૂલ્યા પછી તે તેને ₹444માં વેચે છે. ₹ x નું મૂલ્ય શું છે?

A. ₹900
B. ₹888 ✓
C. ₹1100
D. ₹700

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q27** Arithmetic

જો એક સંખ્યામાં 50% નો વધારો કરવામાં આવે ત્યારે 3870 મળે છે, તો તે સંખ્યા કઈ હશે?

A. 2580 ✓

B. 7740

C. 5160

D. 1290

**Q28** Arithmetic

એક વસ્તુને તેની વાસ્તવિક વેચાણ કિંમતના $\frac{2}{5}$ મા ભાગની કિંમતે વેચવાથી રમેશને 16% નુકસાન થાય છે. જો તે તેને તેની વાસ્તવિક વેચાણ કિંમતના 73% કિંમતે વેચે તો તેની નફા ટકાવારી ____ છે.

A. 52.1%

B. 52.7%

C. 53.3% ✓

D. 54.7%

**Q29** Arithmetic

$$\frac{5}{5}+\frac{5}{5}+\frac{4}{10}+\frac{1}{5}-2=$$

A. $\frac{3}{10}$

B. $\frac{1}{10}$

C. $\frac{6}{10}$ ✓

D. $-\frac{1}{10}$

**Q30** Arithmetic

56 m અને 154 m માપ (પરિમાણ) ધરાવતા લંબચોરસમાં ઉત્કીર્ણ કરી શકાય એવા સૌથી મોટા વર્તુળનો પરિઘ (m માં) શોધો.

($\pi = \frac{22}{7}$ લો)

A. 176 ✓

B. 174

C. 171

D. 173

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

**Q31** Arithmetic

$0.4\overline{2} + 0.\overline{42}$

A. $\frac{838}{990}$ ✓

B. $\frac{838}{999}$

C. $\frac{834}{999}$

D. $\frac{834}{990}$

**Q32** Arithmetic

$0.6\overline{41} + 0.\overline{23}$

A. $\frac{173}{199}$

B. $\frac{173}{999}$

C. $\frac{173}{198}$ ✓

D. $\frac{173}{99}$

**Q33** Arithmetic

250 m અને 126 m ના પરિમાણો (માપ) ધરાવતા એક લંબચોરસમાં ઉત્કીર્ણ કરી શકાય એવા સૌથી મોટા વર્તુળનો પરિઘ (m માં) શોધો.

($\pi = \frac{22}{7}$ લો)

A. 395

B. 396 ✓

C. 393

D. 391

Blackbook

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play
generated by rank.qmaths.in

**Q34** Arithmetic

આપેલ પાઈ ચાર્ટ એક ઓફિસના બાંધકામના ખર્ચનું વિભાજન દર્શાવે છે.




સંદર્ભ - bricks - ઇંટો, cement - સિમેન્ટ, labour - મજૂરી, steel - સ્ટીલ, supervision - દેખરેખ

જો બાંધકામનો કુલ ખર્ચ ₹9,00,000 હોય, તો સિમેન્ટ પર ખર્ચવામાં આવેલી રકમ એ મજૂરી પર ખર્ચવામાં આવેલી રકમ કરતાં કેટલી વધારે છે?

A. ₹55,000

B. ₹45,000

C. ₹63,000 ✓

D. ₹54,000

**Q35** Arithmetic

જો x = 2 + $\sqrt{9}$ અને Y = 2 $-$ $\sqrt{9}$ હોય તો $x^2 + y^2$ નું મુલ્ય શોધો .

A. 26 ✓

B. 9

C. 22

D. 15

## General Intelligence and Reasoning

35 Questions • Answer Key

**Q36** General Intelligence and Reasoning

A એ B ની પુત્રી C ની બહેન છે. K એ C ની માતા છે, અને L એ K ના પિતા છે. A એ L સાથે કઈ રીતે સંબંધિત છે?

A. પુત્રીની પુત્રી ✓

B. પુત્રની પુત્રી

C. પુત્રનો પુત્ર

D. પુત્રીનો પુત્ર

**Q37** General Intelligence and Reasoning

જો 3617845 સંખ્યાના દરેક એકી (વિષમ) અંકમાં 1 ઉમેરવામાં આવે અને દરેક બેકી (સમ) અંકમાંથી 2 બાદ કરવામાં આવે, તો આ રીતે બનેલી નવી સંખ્યામાં નીચેનામાંથી કયો અંક ડાબી બાજુથી બીજા સ્થાને આવશે?

A. 2

B. 6

C. 4 ✓

D. 8

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

**Q38** General Intelligence and Reasoning

અંગ્રેજી મૂળાક્ષર ક્રમના આધારે, નીચેના ચારમાંથી ત્રણ અક્ષર-સમૂહ ચોક્કસ રીતે એકસરખા છે અને આમ એક જૂથ બનાવે છે. કયું અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અસંગત (ઓડ વન આઉટ) વિકલ્પ એ વ્યંજનો/ સ્વરોની સંખ્યા પર અથવા અક્ષર સમૂહમાં તેમના સ્થાન (સ્થિતિ) પર આધારિત નથી.)

A. BCA
B. LNK ✓
C. KLJ
D. ZAY

**Q39** General Intelligence and Reasoning

સાત બોક્સ, C, D, E, F, G, H અને P, એક બીજા પર રાખવામાં આવ્યા છે પરંતુ તે જ ક્રમાનુસાર હોય એ જરૂરી નથી. C ની નીચે માત્ર એક બોક્સ રાખવામાં આવ્યું છે. C અને H ની વચ્ચે માત્ર ત્રણ બોક્સ રાખવામાં આવ્યા છે. F ને C ની નીચેના સ્થાનોમાંથી કોઈ એક સ્થાન પર રાખવામાં આવ્યું છે. H અને G ની વચ્ચે માત્ર P ને રાખવામાં આવ્યું છે. E ને H ની ઉપરના સ્થાનોમાંથી કોઈ એક સ્થાન પર રાખવામાં આવ્યું છે. D અને F ની વચ્ચે કેટલાં બોક્સ રાખવામાં આવ્યા છે?

A. ત્રણ
B. બે
C. એક ✓
D. ચાર

**Q40** General Intelligence and Reasoning

નીચેનામાંથી કયો અક્ષર-સમૂહ આપેલ શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ બનાવવા માટે પ્રશ્ન ચિન્હ (?) ની જગ્યાએ આવશે?

IXE 2 KSH −9 MNK −20 OIN −31 ?

A. QDQ −42 ✓
B. WQZ −66
C. DQP −44
D. YWZ −65

**Q41** General Intelligence and Reasoning

રાહુલ બિંદુ A થી ડ્રાઇવ કરવાનું શરૂ કરે છે અને પૂર્વ તરફ 7 km ડ્રાઇવ કરે છે. પછી તે જમણો વળાંક લે છે, અને 2 km ડ્રાઇવ કરે છે, ત્યારબાદ તે જમણો વળાંક લે છે અને 4 km ડ્રાઇવ કરે છે. તે પછી જમણો વળાંક લે છે અને 6 km ડ્રાઇવ કરે છે. તે અંતિમ ડાબો વળાંક લે છે, અને 3 km ડ્રાઈવ કરીને બિંદુ B પર રોકાય છે. બિંદુ A પર ફરીથી પહોંચવા માટે તેણે કેટલું અંતર (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશામાં ડ્રાઇવ કરવું જોઈએ? (જો કોઈ ઉલ્લેખ કરવામાં ન આવે, તો બધા વળાંકો માત્ર 90 અંશના વળાંકો છે.)

A. ઉત્તર તરફ 11 km
B. દક્ષિણ તરફ 4 km ✓
C. ઉત્તર તરફ 6 km
D. પૂર્વ તરફ 11 km

**Q42** General Intelligence and Reasoning

નીચેની ત્રિપુટીમાં, દરેક અક્ષર સમૂહ એક ચોક્કસ તર્કને અનુસરીને તેની આગળના (અનુગામી) અક્ષર સમૂહ સાથે સંબંધિત છે. આપેલ વિકલ્પોમાંથી એજ સમાન તર્કને અનુસરતો અક્ષર સમૂહ પસંદ કરો.

DESK - EDSK - KEDS
ROAD - ORAD - DORA

A. FROG - FORG - GORF
B. JAMS - AJMS - SAMJ
C. PRAY - RPAY - YRPA ✓
D. VANS - AVNS - ANSV

**Q43** General Intelligence and Reasoning

આ પ્રશ્ન નીચે આપેલ પાંચ, ત્રણ-અંકી સંખ્યાઓ પર આધારિત છે.

(ડાબી બાજુ) 157 643 351 267 872 (જમણી બાજુ)

(ઉદાહરણ- 697 – પ્રથમ અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)

નોંધ: તમામ ક્રિયાઓ (ઓપરેશન) ડાબી બાજુથી જમણી બાજુએ કરવાની છે.

જો બધી સંખ્યાઓને ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે, તો કેટલી સંખ્યાઓની સ્થિતિ/ સ્થાન બદલાશે નહીં?

A. 1
B. 2
C. 3 ✓
D. 4

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

**Q44** General Intelligence and Reasoning

તે સમૂહને પસંદ કરો જેમાં સંખ્યાઓ નીચે આપેલ સમૂહોની સંખ્યાઓની જેમ સંબંધિત છે.

(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં તોડ્યા વિના, સંપૂર્ણ સંખ્યાઓ પર કામગીરી કરવી જોઈએ. ઉદાહરણ તરીકે 13 લઈએ - 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર જેવી કામગીરીઓ સંપૂર્ણ 13 પર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં તોડીને પછી 1 અને 3 પર ગાણિતિક કામગીરી કરવાની મંજૂરી નથી.)

(10, 130, 13)
(11, 187, 17)

A. (49, 542, 11)

B. (39, 627, 16)

C. (36, 792, 22) ✓

D. (3, 51, 16)

**Q45** General Intelligence and Reasoning

આપેલા વિધાનો અને તારણોને કાળજીપૂર્વક વાંચો. વિધાનોમાં આપવામાં આવેલી માહિતી સાચી છે એમ ધારી લો, ભલે તે સામાન્ય રીતે જાણીતી હકીકતોથી ભિન્ન હોય, અને નક્કી કરો કે આપેલ તારણોમાંથી કયું/ કયા તારણ(ણો) તાર્કિક રીતે વિધાનોને અનુસરે છે.

વિધાનો:
બધા શર્ટ, પેન્ટ છે.
બધી પેન્ટ, ટ્રાઉઝર છે.
કેટલીક પેન્ટ, કોટ છે.

તારણો:
(I): કેટલાક ટ્રાઉઝર, કોટ છે.
(II): કેટલાક શર્ટ, કોટ છે.

A. તારણો (I) અને (II) બંને અનુસરે છે.

B. ન તો તારણ (I) કે ન તો તારણ (II) અનુસરે છે.

C. માત્ર તારણ (I) અનુસરે છે. ✓

D. માત્ર તારણ (II) અનુસરે છે.

**Q46** General Intelligence and Reasoning

જો '+' અને '−' ને એકબીજા સાથે અદલાબદલી કરવામાં આવે અને '×' અને '÷' ને પણ એકબીજા સાથે અદલાબદલી કરવામાં આવે, તો નીચેના સમીકરણમાં પ્રશ્ન ચિહ્ન (?) ની જગ્યાએ શું આવશે?

24 ÷ 4 + 10 × 5 − 3 = ?

A. 95

B. 97 ✓

C. 93

D. 91

**Q47** General Intelligence and Reasoning

કોઈ એક ચોક્કસ કૂટ ભાષામાં, 'ROMS' ને '2613' તરીકે કૂટબદ્ધ કરવામાં આવે છે અને 'WORM' ને '8326' તરીકે કૂટબદ્ધ કરવામાં આવે છે. આપેલ કૂટ ભાષામાં 'W' માટેનો કૂટ શું છે?

A. 8 ✓

B. 3

C. 6

D. 2

**Q48** General Intelligence and Reasoning

"અંગ્રેજી મૂળાક્ષર ક્રમના આધારે, નીચેના ચારમાંથી ત્રણ અક્ષર-સમૂહ ચોક્કસ રીતે એકસરખા છે અને આમ એક જૂથ બનાવે છે. કયું અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અસંગત (ઓડ વન આઉટ) વિકલ્પ એ વ્યંજનો/ સ્વરોની સંખ્યા પર અથવા અક્ષર સમૂહમાં તેમના સ્થાન (સ્થિતિ) પર આધારિત નથી.)

A. PJ : MH ✓

B. MH : KF

C. RM : PK

D. JE : HC

**Q49** General Intelligence and Reasoning

A, B, C, D, E, F અને G એક વર્તુળાકાર મેજની ફરતે તેના કેન્દ્ર તરફ મુખ રાખીને બેઠા છે. જ્યારે A ની જમણી બાજુએ ગણતરી કરવામાં આવે, ત્યારે A અને D ની વચ્ચે માત્ર બે લોકો બેઠા છે. D અને G ની વચ્ચે માત્ર બે લોકો બેઠા છે. A અને C ની વચ્ચે માત્ર ત્રણ લોકો બેઠા છે. F એ E ની તરત ડાબી બાજુએ બેઠો છે. જ્યારે G ની ડાબી બાજુએ ગણતરી કરવામાં આવે, ત્યારે કેટલા લોકો C અને G ની વચ્ચે બેઠા છે?

A. 1 ✓

B. 3

C. 2

D. 4

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play
generated by rank.qmaths.in

**Q50** General Intelligence and Reasoning

G, H, I, J, K અને L, દરેકે અલગ-અલગ ગુણ મેળવ્યા છે. સૌથી વધુ ગુણ I એ મેળવ્યા છે. માત્ર G એ K કરતા ઓછા ગુણ મેળવ્યા છે. L એ H કરતા વધુ પરંતુ J કરતા ઓછા ગુણ મેળવ્યા છે. છ માંથી કેટલા લોકોએ H કરતાં વધુ પરંતુ J કરતાં ઓછા ગુણ મેળવ્યા છે?

A. એક ✓

B. ચાર

C. બે

D. ત્રણ

**Q51** General Intelligence and Reasoning

નીચેનામાંથી કયા અક્ષર-સમૂહોને # અને % ના સ્થાને મૂકવું જોઈએ જેથી કે :: ની ડાબી બાજુએ આવેલ અક્ષર-સમૂહ જોડી વચ્ચે અને :: ની જમણી બાજુએ આવેલ અક્ષર-સમૂહ જોડી વચ્ચે અનુસરવામાં આવતી પેટર્ન અને સબંધ એ સમાન હોય?

# : HJE :: OQL : %

A. # = LNI, % = KMH ✓

B. # = HGY, % = LHU

C. # = PKO, % = NHU

D. # = MLI, % = KJK

**Q52** General Intelligence and Reasoning

નીચે આપેલ સંખ્યા, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની પછી આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ડાબેથી જમણે જ કરવાની છે.

(ડાબી બાજુ) 7 $ % 4 & 8 2 @ 5 & 3 Ω 9 * 1 £ # 6 (જમણી બાજુ)

જો શ્રેણીમાંથી બધા પ્રતીકો કાઢી નાખવામાં આવે, તો નીચેનામાંથી કયો અક્ષર જમણી બાજુથી પાંચમું હશે?

A. 9

B. 2

C. 5 ✓

D. 3

**Q53** General Intelligence and Reasoning

સાત બોક્સ U, V, W, X, P, Q અને R ને એક બીજા ઉપર રાખવામાં આવ્યા છે પરંતુ તે જ ક્રમાનુસાર હોય એ જરૂરી નથી. P અને U ની વચ્ચે માત્ર બે બોક્સ રાખવામાં આવ્યા છે. W ની ઉપર માત્ર X બોક્સને રાખવામાં આવ્યું છે. કોઈપણ બોક્સને U ની નીચે રાખવામાં આવ્યું નથી. R ને V ની નીચેના કોઈ એક સ્થાન પર અને Q ની ઉપરના કોઈ એક સ્થાન પર રાખવામાં આવ્યું છે. કયા બોક્સને Q ની ઉપર ત્રીજા સ્થાને રાખવામાં આવ્યું છે?

A. X

B. R

C. U

D. V ✓

**Q54** General Intelligence and Reasoning

NHLO એ અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે એક ચોક્કસ રીતે SMQT સાથે સંબંધિત છે. એ જ રીતે, PJNQ એ UOSV સાથે સંબંધિત છે. સમાન તર્કને અનુસરીને નીચેનામાંથી કયા વિકલ્પ સાથે RLPS સંબંધિત છે?

A. QWXU

B. WQUX ✓

C. WQXU

D. QWUX

**Q55** General Intelligence and Reasoning

આપેલ વિકલ્પોમાંથી તે પદ પસંદ કરો જે નીચેની શ્રેણીમાં પ્રશ્ન ચિહ્ન (?) ની જગ્યાએ આવી શકે છે?

LDY 1 JGX -3 HJW 9 FMV -27 ?

A. PVD 80

B. DPU 81 ✓

C. EDP 80

D. UOD 81

**Q56** General Intelligence and Reasoning

જો 'I' નો અર્થ '+', 'J' નો અર્થ '×', 'K' નો અર્થ '÷', અને 'L' નો અર્થ '−' થાય, તો નીચેના સમીકરણમાં પ્રશ્ન ચિહ્ન (?) ની જગ્યાએ શું આવશે?

(16 I 9 L 13) I 7 J 5 L (22 K 2) I 4 J 9 = ?

A. 72 ✓

B. 84

C. 60

D. 96

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q57** General Intelligence and Reasoning

A @ B એટલે 'A એ B ની પુત્રી છે',
A * B એટલે 'A એ B નો પિતા છે',
A - B નો અર્થ છે 'A એ B નો પુત્ર છે' અને
A $ B નો અર્થ છે 'A એ B ની બહેન છે'.

ઉપરોક્ત માહિતીના આધારે, નીચેનામાંથી કયો અર્થ થાય છે કે H એ D ના ભાઈની પુત્રી છે?

A. H $ A * M - I @ D
B. H @ A - M * I $ D ✓
C. H @ A - M $ I * D
D. H * A @ M $ I - D

**Q58** General Intelligence and Reasoning

આ પ્રશ્ન આપેલ શબ્દો પર આધારિત છે.
WIG RUT HEN JOY
જો આપેલ દરેક શબ્દમાં, દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેમના પછી આવતા અક્ષરથી બદલવામાં આવે, તો આ રીતે બનેલા કેટલા શબ્દોમાં સ્વર નહીં હોય?

A. ત્રણ
B. બે ✓
C. શૂન્ય
D. એક

**Q59** General Intelligence and Reasoning

D, E, F, G, H, I અને T એક વર્તુળાકાર મેજની ફરતે તેના કેન્દ્ર તરફ મોં રાખીને બેઠા છે. F એ H ની ડાબી બાજુએ ત્રીજા સ્થાને બેસે છે. જ્યારે T ની ડાબી બાજુએ ગણતરી કરવામાં આવે, ત્યારે H અને T વચ્ચે માત્ર એક જ વ્યક્તિ બેસે છે. જ્યારે I ની જમણી બાજુએ ગણતરી કરવામાં આવે, ત્યારે G અને I વચ્ચે માત્ર બે જ વ્યક્તિ બેસે છે. D એ G ની તરત બાજુમાં બેસે છે. E ની જમણી બાજુએ ત્રીજા સ્થાને કોણ બેસે છે?

A. D
B. T
C. I
D. F ✓

**Q60** General Intelligence and Reasoning

નીચે આપેલ સંખ્યા, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લઈને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી માત્ર ડાબેથી જમણે કરવાની રહેશે.

(ડાબી બાજુ) 6 @ 8 $ 7 & 3 Ω 9 2 & % 4 # 1 * £ 5 (જમણી બાજુ)

એવા કેટલા પ્રતીકો છે જે પ્રત્યેકની તરત પહેલા એક સંખ્યા અને તરત પછી એક અન્ય સંખ્યા પણ આવે છે?

A. 6
B. 5 ✓
C. 7
D. 4

**Q61** General Intelligence and Reasoning

એક હરોળમાં 29 લોકો ઉત્તર તરફ મુખ કરીને ઉભા છે. KLM જમણી બાજુથી 8માં સ્થાને છે, જ્યારે PRQ ડાબી બાજુથી 12મા સ્થાને છે. KLM અને PRQ વચ્ચે કેટલા લોકો ઉભા છે?

A. 8
B. 7
C. 9 ✓
D. 10

**Q62** General Intelligence and Reasoning

નીચે સંખ્યાઓના બે ગણ આપેલા છે. સંખ્યાઓના દરેક ગણમાં, પ્રથમ સંખ્યા પર અમુક ગાણિતિક ક્રિયાઓ કરીને બીજી સંખ્યા મેળવવામાં આવી છે. એજ રીતે બીજી સંખ્યા પર અમુક ગાણિતિક ક્રિયાઓ કરીને ત્રીજી સંખ્યા મેળવવામાં આવી છે અને આ રીતે આગળ પણ મળનારી સંખ્યાઓ પર ક્રિયાઓ કરવામાં આવે છે. આપેલ વિકલ્પોમાંથી કયો વિકલ્પ આ ગણો પર કરેલી સમાન ક્રિયાઓનું અનુસરણ કરે છે?
(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં તોડ્યા વિના, સંપૂર્ણ સંખ્યાઓ પર કામગીરી કરવી જોઈએ. ઉદાહરણ તરીકે 13 લઈએ - 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર જેવી કામગીરીઓ સંપૂર્ણ 13 પર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં તોડીને પછી 1 અને 3 પર ગાણિતિક કામગીરી કરવાની મંજૂરી નથી.)

8 - 10 - 14 - 7; 6 - 8 - 12 - 6

A. 2 - 4 - 8 - 16
B. 3 - 5 - 9 - 18
C. 4 - 6 - 10 - 5 ✓
D. 13 - 15 - 30 - 60

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play
generated by rank.qmaths.in

**Q63** General Intelligence and Reasoning

એક ચોક્કસ કૂટ ભાષામાં, 'GIFT' ને '5173' તરીકે લખવામાં આવે છે અને 'FLOW' ને '4612' તરીકે લખવામાં આવે છે. તો આપેલ કૂટ ભાષામાં 'F' માટેનો કૂટ શું છે?

A. 1 ✓

B. 7

C. 4

D. 2

**Q64** General Intelligence and Reasoning

FGH બિંદુ A થી ચલાવવાનું શરૂ કરે છે અને દક્ષિણ તરફ 16 km ચલાવે છે. તે પછી ડાબો વળાંક લે છે, 12 km ચલાવે છે, ડાબે વળે છે અને 28 km ચલાવે છે. તે પછી ડાબો વળાંક લે છે અને 23 km ચલાવે છે. તે અંતિમ ડાબો વળાંક લે છે, 12 km ચલાવે છે અને બિંદુ P પર રોકાય છે. બિંદુ A પર ફરીથી પહોંચવા માટે તેણે કેટલું દૂર (સૌથી ઓછું અંતર) અને કઈ દિશામાં વાહન ચલાવવું જોઈએ? (બધા વળાંકો માત્ર 90° વળાંક છે, સિવાય કે ઉલ્લેખિત હોય.)

A. 6 km પશ્ચિમ તરફ

B. 11 km પૂર્વ તરફ ✓

C. 9 km પૂર્વ તરફ

D. 10 km પશ્ચિમ તરફ

**Q65** General Intelligence and Reasoning

આપેલ વિકલ્પોમાંથી એ સંખ્યા પસંદ કરો જે નીચેની શ્રેણીમાં પ્રશ્ન ચિહ્ન (?)ના સ્થાને આવી શકે છે.

143 170 234 359 ?

A. 573

B. 555

C. 535

D. 575 ✓

**Q66** General Intelligence and Reasoning

એક નિશ્ચિત કૂટ ભાષામાં, 'stay always positive'ને 'tk mp bk' તરીકે કૂટબદ્ધ કરવામાં આવે છે અને 'always on time 'ને 'lj tk mo' તરીકે કૂટબદ્ધ કરવામાં આવે છે. આપેલ ભાષામાં 'always' કેવી રીતે કૂટબદ્ધ થાય છે?

A. lj

B. mo

C. bk

D. tk ✓

**Q67** General Intelligence and Reasoning

નીચેની ચારમાંથી ત્રણ અક્ષર-સમૂહ જોડી ચોક્કસ રીતે એકસરખી છે અને આમ એક જૂથ બનાવે છે. કઈ અક્ષર-સમૂહ જોડી તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અસંગત (ઓડ વન આઉટ) વિકલ્પ એ વ્યંજનો/ સ્વરોની સંખ્યા પર અથવા અક્ષર સમૂહમાં તેમના સ્થાન (સ્થિતિ) પર આધારિત નથી.)

A. FJ - MD

B. IM - PG

C. LP - SJ

D. CG - JB ✓

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q68** General Intelligence and Reasoning




A. 

B.  ✔

C. 

D. 

**Q69** General Intelligence and Reasoning

પાંચ આકૃતિઓ આપવામાં આવી છે, જેમાંથી ચાર આકૃતિઓ કોઇક રીતે એકસરખી છે અને એક અલગ છે. અલગ આકૃતિને પસંદ કરો.




A. E

B. D

C. C

D. B ✔

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play
generated by rank.qmaths.in

**Q70** General Intelligence and Reasoning




A.  ✓

B. 

C. 

D. 

## General Awareness

50 Questions • Answer Key

**Q71** General Awareness

પૂર્વીય બંગાળમાં, સમાજ સુધારક __________ ના મતુઆ સંપ્રદાય એ ચાંડાલના ખેડૂતો (Chandala cultivators) મધ્યે કામ કર્યું.

A. અક્ષય કુમાર દત્ત

B. ગુરુ ઘાસીદાસ

C. હરિદાસ ઠાકુર ✓

D. ઈશ્વર ચંદ્ર વિદ્યાસાગર

**Q72** General Awareness

નીચેનામાંથી કોણ એ ભારત સરકારના સર્વોચ્ચ કાયદા અધિકારી છે?

A. હાઇકોર્ટના ન્યાયાધીશ

B. ભારતના મુખ્ય ન્યાયાધીશ

C. ભારતના એટર્ની જનરલ ✓

D. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ

**Q73** General Awareness

________ માં, મહાભારતની વાર્તાઓને કથાકાવ્ય (ballad) તરીકે ગવાય છે અને છત્તીસગઢમાં રાત્રિના પ્રદર્શન માટે એક કે બે એપિસોડ પસંદ કરવામાં આવે છે.

A. સોહર

B. આલ્હા

C. પાંડવાની ✓

D. છાક્રી (Chhakri)

**Q74** General Awareness

નીચેનામાંથી કયા પ્લેટફોર્મ દ્વારા ન્યુ ઈન્ડિયા લિટરસી પ્રોગ્રામ (NILP) એમાંથી શીખનારાઓને દેશ ફરતેની સ્થાનિક ભાષાઓમાં માહિતી પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત કરે છે?

A. PM Abhyas portal (PM અભ્યાસ પોર્ટલ)

B. DISHA portal (DISHA પોર્ટલ)

C. Google Classroom (ગુગલ ક્લાસરુમ)

D. DIKSHA platform (DIKSHA પ્લેટફોર્મ) ✓

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q75** General Awareness

નીચેનામાંથી કયું વૈશ્વિકીકરણની વિરુદ્ધ છે?

A. વૈશ્વિકીકરણ અદ્યતન ટેકનોલોજીના ઉપયોગમાં વધારો કરે છે.

B. વૈશ્વિકીકરણ આર્થિક અસમાનતામાં વધારો કરે છે. ✓

C. વૈશ્વિકીકરણ વૈશ્વિક બજારોમાં પ્રવેશ વધારે છે.

D. વૈશ્વિકીકરણ ઉત્પાદનોના વૈવિધ્યકરણમાં વધારો કરે છે.

**Q76** General Awareness

માર્ચ 2024 માં રમતગમત મંત્રી અનુરાગ ઠાકુરે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે મહિલાઓ માટે વિશેષરૂપે કેટલા રાષ્ટ્રીય ઉત્કૃષ્ટતા કેન્દ્રો (NCOE) સ્થાપવાની જાહેરાત કરી હતી?

A. ત્રણ

B. પાંચ

C. ચાર

D. બે ✓

**Q77** General Awareness

ભારતીય બંધારણનો નીચેનામાંથી કયો અનુચ્છેદ અમુક કેસોમાં ધરપકડ અને અટકાયત સામે રક્ષણની ખાતરી આપે છે?

A. અનુચ્છેદ 20

B. અનુચ્છેદ 23

C. અનુચ્છેદ 22 ✓

D. અનુચ્છેદ 21

**Q78** General Awareness

*સર્પગન્ધા (Rauwolfia serpentina) એ છે:*

A. ઔષધીય વનસ્પતિ ✓

B. હેલમિન્થ પરોપજીવી

C. ઝેરી સાપ

D. એઇડ્સનું યોગદાન આપનાર સજીવ

**Q79** General Awareness

ભારતીય સેના અને રોયલ થાઈલેન્ડ આર્મી વચ્ચે સંયુક્ત લશ્કરી કવાયત MAITRIE 2024 ક્યાં યોજાઈ હતી?

A. ટાક (Tak) પ્રોવિન્સ, થાઈલેન્ડ ✓

B. બેંગકોક, થાઈલેન્ડ

C. ચિયાંગ માઇ, થાઈલેન્ડ

D. ફૂકેટ, થાઈલેન્ડ

**Q80** General Awareness

નીચેનામાંથી કઈ યોજનામાં શિશુ, કિશોર અને તરુણ પેટા-યોજનાઓ છે?

A. સ્ટાર્ટ અપ ઇન્ડિયા

B. દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના

C. મુદ્રા યોજના ✓

D. સોનાની મુદ્રીકરણ યોજના

**Q81** General Awareness

ભારતનું પ્રથમ તિલાપિયા પરવોવાયરસ (tilapia parvovirus) દૂષણ (સંક્રમણ) ઓક્ટોબર 2023 માં તમિલનાડુમાં નોંધાયું હતું. વાયરસથી મુખ્યત્વે ________ ને ચેપ લાગ્યો હતો.

A. બકરી

B. વાંદરા

C. ચામાચીડિયા

D. માછલી ✓

**Q82** General Awareness

ભારત સરકારની કઈ પહેલનો હેતુ ભારતમાં મહિલાઓની સુરક્ષા, સલામતી અને સશક્તિકરણ સંબંધિત વિવિધ પેટા યોજનાઓને વધુ કાર્યક્ષમતા અને અસરકારકતા માટે એક છત્ર યોજના હેઠળ એકીકૃત કરવાનો છે?

A. મિશન નિર્ભયા

B. મિશન યુક્તિ

C. મિશન શક્તિ ✓

D. મિશન વાત્સલ્ય

**Q83** General Awareness

ભારતની 2011ની વસ્તી ગણતરી અનુસાર નીચેનામાંથી કયા કેન્દ્રશાસિત પ્રદેશે સૌથી વધુ સાક્ષરતા દર નોંધ્યો છે?

A. લક્ષદ્વીપ ✓

B. દમણ અને દીવ

C. પુડુચેરી

D. ચંડીગઢ

**Q84** General Awareness

ભારતમાં નીચેનામાંથી કયા પ્રાધિકરણ (authorites) પાસે ચોક્કસ સંજોગોમાં વ્યક્તિની નાગરિકતા સમાપ્ત કરવાની સત્તા છે?

A. કોઈપણ રાજ્ય સરકાર

B. દિલ્હી સરકાર

C. કેન્દ્ર સરકાર ✓

D. સર્વોચ્ચ અદાલત (સુપ્રીમ કોર્ટ)

Blackbook Vocabulary — Now in the App! ▸ Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q85** General Awareness

DSCI-SEQRITE ઈન્ડિયા સાયબર થ્રેટ રિપોર્ટ, 2023 અનુસાર, નીચેનામાંથી કયા ઔદ્યોગિક ક્ષેત્રે સૌથી વધુ સંખ્યામાં માલવેર એટેક સ્પેક્ટ્રમ (malware attack spectrums) શોધી કાઢ્યા છે?

A. આઈટી ઉદ્યોગ (IT Industries)

B. શિક્ષણ

C. લોજીસ્ટીક્સ (Logictics)

D. ઓટોમોબાઈલ ✓

**Q86** General Awareness

નીચેનામાંથી કોણ રાષ્ટ્રપતિના પ્રસાદપર્યંત સુધી (during the pleasure of the President) પદ ધારણ કરે છે?

A. ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક

B. ભારતના એટર્ની જનરલ ✓

C. સંઘ લોક સેવા આયોગના અધ્યક્ષ (Chairman)

D. લોકસભાના સ્પીકર (Speaker)

**Q87** General Awareness

લલિતાગીરી (Lalitagiri) બૌદ્ધ સ્થળ ક્યાં આવેલું છે?

A. હરિયાણા

B. બિહાર

C. રાજસ્થાન

D. ઓડિશા ✓

**Q88** General Awareness

15 ફેબ્રુઆરી 2024 ના રોજ શ્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલી પ્રધાનમંત્રીની નવી રૂફટોપ સોલાર પાવર યોજનાનું નામ શું છે?

A. પીએમ સૂર્ય ઘર: મુફ્ત બિજલી યોજના ✓

B. પ્રધાનમંત્રી ગ્રામ ઉજાલા યોજના

C. પ્રધાનમંત્રી ઉજાલા યોજના

D. પ્રધાનમંત્રી સૂર્ય કિરણ યોજના

**Q89** General Awareness

કઇ કર્ણાટકી ગાયિકાને 'ભારતની કોકિલા (Nightingale of India)' તરીકે લોકપ્રિયતા મળી હતી?

A. ડીકે પટ્ટમલ

B. એમએસ સુબ્બુલક્ષ્મી ✓

C. લાલગુડી જયરામન

D. બાલમુરલીકૃષ્ણ

**Q90** General Awareness

નીચેનામાંથી કઈ પરંપરાગત પદ્ધતિને ખાસ કરીને 'ક્વાસી-નાણાં (quasi-money)' તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવી હતી?

A. ચલણી નાણાં

B. તમામ પ્રકારના નાણાં

C. વિનિમયના માધ્યમોને નાણાં ગણવામાં આવે છે

D. નાણાકીય સાધનો કે જે વિનિમયના માધ્યમ નથી પરંતુ અવેજી છે ✓

**Q91** General Awareness

મે 2024 માં સ્પેન કેટલામાં સભ્ય તરીકે ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA) માં જોડાયું છે?

A. 94 મા

B. 99 મા ✓

C. 97 મા

D. 100 મા

**Q92** General Awareness

ભારતીય બંધારણનો કયો અનુચ્છેદ સર્વોચ્ચ અદાલત (સુપ્રીમ કોર્ટ)ના સલાહકાર અધિકારક્ષેત્ર સાથે સંબંધિત છે?

A. અનુચ્છેદ 145

B. અનુચ્છેદ 142

C. અનુચ્છેદ 143 ✓

D. અનુચ્છેદ 148

**Q93** General Awareness

નીચેનામાંથી કયું પરિબળ મુખ્યત્વે દરિયાકાંઠાના અને આંતરિક વિસ્તારો વચ્ચેના તાપમાનના તફાવત (ફેરફાર)માં ફાળો આપે છે?

A. ઊંચાઈ (Altitude)

B. અક્ષાંશ

C. દરિયાઈ પ્રવાહો

D. સમુદ્રથી અંતર (મહાદ્વીપીયતા) ✓

**Q94** General Awareness

નીચેનામાંથી કોણ 'સર્વન્ટ્સ ઓફ ઇન્ડિયા સોસાયટી' સાથે સંકળાયેલું ન હતું?

A. બાળ ગંગાધર ટિળક ✓

B. અનંત વિનાયક પટવર્ધન

C. નતેશ અપ્પાજી દ્રવિડ (Natesh Appaji Dravid)

D. ગોપાલ કૃષ્ણ દેવધર (Gopal Krishna Deodhar)

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

**Q95** General Awareness

ગુપ્ત રાજવંશના નીચેના રાજાઓમાંથી કોણે લિચ્છવી રાજકુમારી (કુમારી દેવી) સાથે લગ્ન કર્યા?

A. કુમાર ગુપ્ત
B. ચંદ્ર ગુપ્ત I ✓
C. સમુદ્ર ગુપ્ત
D. ચંદ્ર ગુપ્ત II

**Q96** General Awareness

નીચેનામાંથી કયું શૈલેન્દ્ર સામ્રાજ્યનો ભાગ નહોતું, જેની સ્થાપના દક્ષિણ પૂર્વ એશિયામાં ઈસવીસન 8મી સદીમાં થઈ હતી?

A. મલાયા
B. સુમાત્રા
C. શ્રીલંકા ✓
D. જાવા

**Q97** General Awareness

જુડો ફેડરેશન ઓફ ઇન્ડિયાએ ઓક્ટોબર 2023 માં વરિષ્ઠ રાષ્ટ્રીય જુડો ચેમ્પિયનશિપ 2023-24 નું આયોજન ક્યાં કર્યું હતું?

A. પટના
B. નવી દિલ્હી
C. જયપુર ✓
D. ભોપાલ

**Q98** General Awareness

કોંગ્રેસના નીચેનામાંથી કયા સત્રમાં તે નરમપંથીઓ (Moderates) અને ઉગ્રવાદીઓ (Extremists)માં વહેંચાઈ ગયું?

A. કલકત્તા
B. સુરત ✓
C. અલ્હાબાદ
D. લાહોર

**Q99** General Awareness

2005 માં પ્રકાશિત/ જારી કરેલ કઈ ખાદ્ય સુરક્ષા વ્યવસ્થાપન પ્રણાલી (ફૂડ સેફ્ટી મેનેજમેન્ટ સિસ્ટમ), ખોરાકની સુરક્ષાનું સંચાલન કરવા હેતુ સંસ્થાઓ માટે એક માળખું પૂરું પાડે છે?

A. ISO 22000 ✓
B. ISO 9000
C. ISO 14000
D. ISO 17025

**Q100** General Awareness

અરબી વિદ્વાન સુલેમાન દ્વારા નીચેનામાંથી કયા ગુર્જર-પ્રતિહાર રાજાની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી કારણ કે તેઓ તેમના સામ્રાજ્યને લૂંટારાઓથી સુરક્ષિત રાખતા હતા?

A. રામભદ્ર
B. નાગભટ્ટ દ્વિતીય
C. વત્સરાજા
D. મિહિર ભોજ ✓

**Q101** General Awareness

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જાન્યુઆરી 2024માં ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સ 2023ના ઉદ્ઘાટન સમારોહનું ઉદ્ઘાટન ક્યાં કર્યું હતું?

A. કોઇમ્બતુર
B. ચેન્નાઈ ✓
C. ત્રિચી
D. મદુરાઈ

**Q102** General Awareness

નીચેનામાંથી કયા દેશમાં બેવડી નાગરિકતા (dual citizenship)ની નીતિ સ્વીકારવામાં આવે છે?

A. ચીન (China)
B. યુ.કે. (UK)
C. ભારત (India)
D. યુ.એસ. (US) ✓

**Q103** General Awareness

કૃષિમાં નિષ્પક્ષતા (ઇક્વિટી) એ _________ માટે આહ્વાન કરે છે, જે મુખ્યત્વે જમીનધારકોની માલિકીમાં ફેરફારને સંદર્ભે છે.

A. જમીન હડપ
B. જમીન એકત્રીકરણ (land consolidation)
C. જમીન સુધારણા (land reform) ✓
D. જમીનદારી પ્રથા

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q104** General Awareness

(સૂચિ-1 શહેરો) ને (સૂચિ-2 તાપમાન) લાક્ષણિકતાઓ સાથે યોગ્ય રીતે જોડો અને તમારા જવાબને આપેલા કોડ વડે પસંદ કરો.

(સૂચિ-1-શહેરો) (સૂચિ-2-તાપમાન)
(a) પહેલગામ i. ઉનાળામાં 50°C, રાત્રે 15°C
(b) દ્રાસ (Drass) ii. તાપમાન માઇનસ 45°C જેટલું નીચું હોઈ શકે છે
(c) થાર રણ iii. ઉનાળામાં લગભગ 20°C
(d) તિરુવનંતપુરમ iv. તાપમાન 22°C હોય છે

A. (a) iii (b) i (c) ii (d) iii
B. (a) iii (b) ii (c) i (d) iv ✓
C. (a) ii (b) iii (c) i (d) iv
D. (a) iv (b) iii (c) ii (d) i

**Q105** General Awareness

સૈન્ય-થી-સૈન્ય વિનિમય કાર્યક્રમોના ભાગરૂપે, ભારતીય વિશેષ દળોના સૈનિકોની એક ટુકડી નવેમ્બર 2022માં નીચેનામાંથી કયા દેશ સાથે દ્વિપક્ષી સંયુક્ત તાલીમ કવાયત 'ગરુડ શક્તિ' માં જોડાઈ હતી?

A. મલેશિયા
B. વિયેતનામ
C. તાઈવાન
D. ઈન્ડોનેશિયા ✓

**Q106** General Awareness

ભારતના પ્રથમ સૌર મિશન આદિત્ય-L1 ને લોન્ચ કરવા માટે નીચેનામાંથી કયા લોન્ચ વ્હીકલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો?

A. જીઓસિંક્રોનસ લોન્ચ વ્હીકલ માર્ક III
B. સ્પેસ લોન્ચ વ્હીકલ
C. જીઓસિંક્રોનસ લોન્ચ વ્હીકલ
D. પોલાર સેટેલાઈટ લોન્ચ વ્હીકલ -XL ✓

**Q107** General Awareness

નીચેનામાંથી કયું વિકૃતિ (strain) સાથે સંકળાયેલું છે?

A. સદિશ
B. અદિશ
C. પરિમાણ-રહિત (Dimensionless) ✓
D. રાસ્ટર (Raster)

**Q108** General Awareness

નીચેનામાંથી કોની રાજધાનીઓ પૈકી એક રાજધાની બનારસ ખાતે હતી?

A. પરમાર
B. ચાહમાન
C. પાલ
D. ગાહડવાલ ✓

**Q109** General Awareness

ટકાઉ વિકાસ અભિગમ અનુસાર, ગ્રામીણ વિકાસ માટે નીચેની કઈ વ્યૂહરચના જરૂરી છે?

A. માત્ર કૃષિ ઉત્પાદકતા પર ધ્યાન કેન્દ્રિત કરવું
B. આર્થિક વિકાસ સાથે પર્યાવરણીય સ્થિરતાને એકીકૃત કરવી ✓
C. બિન-નવીનીકરણીય સંસાધનો પર નિર્ભરતા વધારવી
D. ટૂંકા ગાળાના આર્થિક લાભોને પ્રાથમિકતા આપવી

**Q110** General Awareness

ભારતીય અર્થતંત્રના અનૌપચારિક ક્ષેત્ર (informal sector)માં રોજગારની વિશેષતા કઈ છે?

A. રોજગારમાં મુખ્યત્વે સ્વ-રોજગાર અથવા નાના, બિન નોંધાયેલ વ્યવસાયોનો સમાવેશ થાય છે. ✓
B. રોજગાર કરાર હંમેશા લેખિત અને કાયદેસર રીતે બંધનકર્તા હોય છે.
C. કામદારો સામાજિક સુરક્ષા લાભો અને ઔપચારિક નોકરી સુરક્ષા માટે હકદાર છે.
D. અનૌપચારિક ક્ષેત્રની નોકરીઓ સામાન્ય રીતે ઉચ્ચ વેતન વાળી હોય છે.

**Q111** General Awareness

અશ્વિની વૈષ્ણવે સાયબર-ક્રાઈમ (ગુના) અને નાણાકીય છેતરપિંડીમાં ટેલિકોમ સંસાધનોના દુરૂપયોગને રોકવા હેતુ સ્ટેકહોલ્ડર્સ (stakeholders) વચ્ચે સમન્વયન માટે ટેક્નોલોજી વિભાગના ડિજિટલ ઇન્ટેલિજન્સ પ્લેટફોર્મ (DIP) ની શરૂઆત ક્યારે કરી હતી?

A. માર્ચ 2024 ✓
B. જુલાઈ 2024
C. જાન્યુઆરી 2024
D. ઓગસ્ટ 2024

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q112** General Awareness

લોક અદાલતો અંગે નીચેનામાંથી યોગ્ય વિધાન પસંદ કરો.
1. આ ન્યાય તંત્રનું એક પ્રતીક છે જે પ્રાચીન સમયથી પ્રચલિત છે.
2. આ વ્યવસ્થા ગાંધીવાદી સિદ્ધાંતો પર આધારિત છે.
3. આઝાદી પછી, ભારતમાં પ્રથમ લોક અદાલતની સ્થાપના વર્ષ 1982માં મધ્ય પ્રદેશમાં કરવામાં આવી હતી.
4. લોક અદાલત દ્વારા આપવામાં આવતો નિર્ણય બંને પક્ષોને બંધનકર્તા હોતો નથી.

A. માત્ર2, 3 અને 4
B. માત્ર 1
C. માત્ર 1 અને 2 ✓
D. માત્ર 1, 3 અને 4

**Q113** General Awareness

એક વાર્તાનું પુસ્તક 'ધ એન્ડ ઓફ ઈમેજીનેશન (The End of Imagination)'ના/ ની લેખક/ લેખિકા કોણ છે?

A. પેમા દોરજી
B. શશી થરુર
C. પ્રસન્ન કુમાર આચાર્ય
D. અરુંધતિ રોય ✓

**Q114** General Awareness

ગોળકૃમિ (round worms) કયા સમુદાયથી સંબંધિત છે?

A. પૃથુકૃમિ (Platyhelminthes)
B. સૂત્રકૃમિ (Aschelminthes) ✓
C. કંકતધરા (Ctenophora)
D. નુપૂરક (Annelida)

**Q115** General Awareness

M-પ્રકાર (ધાતુ) એસ્ટરોઇડનો અભ્યાસ કરવા માટેનું નાસાનું (NASA) પ્રથમ અવકાશ મિશન, સાયકી (Psyche) મિશન, કેનેડી સ્પેસ સેન્ટરથી કઈ તારીખે મોકલવામાં કે લોંચ કરવામાં આવ્યું હતું?

A. 13 ઓક્ટોબર 2023 ✓
B. 27 ડિસેમ્બર 2023
C. 01 જુલાઈ 2023
D. 15 માર્ચ 2023

**Q116** General Awareness

આપેલ વિકલ્પોમાંથી બાયોસ્ફિયર રિઝર્વ અને તેના સંલગ્ન રાજ્યની ખોટી જોડી ઓળખો.

A. પન્ના - મધ્યપ્રદેશ
B. શેષાચલમ- આંધ્રપ્રદેશ
C. નોકરેક - મિઝોરમ ✓
D. દિબ્રુ-સૈખોવા – આસામ

**Q117** General Awareness

VL-832, PBW-502 અને આદિત્ય (HD 2781) એ કયા ભારતીય પાકની જાતો છે?

A. મકાઈ
B. શણ (Jute)
C. ઘઉં ✓
D. ચોખા

**Q118** General Awareness

નીચેનામાંથી કયું સામાન્ય (ઓરડા)ના તાપમાને અને વાતાવરણીય દબાણ પર સૌથી વધુ વિશિષ્ટ ઉષ્મા ક્ષમતા ધરાવે છે?

A. પારો
B. લોઢું
C. કાચ
D. પાણી ✓

**Q119** General Awareness

2023 અનુસાર ભારતમાં સૌથી લાંબો રેલમાર્ગ (train route) નીચેનામાંથી કયો છે?

A. દિબ્રુગઢ-કન્નીયાકુમારી ✓
B. તિરુનેલવેલી-કટરા
C. તિરુવનંતપુરમ-સિલચર
D. અગરતલા-બેંગ્લુરુ

**Q120** General Awareness

નીચેની પ્રક્રિયાની નીપજ (product) શું છે?

2NaOH (aq) + Zn (s) →

A. 1. $Na_2ZnO_2$ (s) અને $H_2$ (g) ✓
B. 2. $ZnO_2$ (s) અને $N_2O$ (g)
C. 3. $Na_2ZnO_2$ (s) અને $H_2O$ (l)
D. 4. $ZnO_2$ (s) અને $H_2O$ (l)

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

generated by rank.qmaths.in

## Arithmetic

35 Questions • Answer Key

**Q1** Arithmetic

6-અંકની સંખ્યા 459039 માં સૌથી નાની 1-અંકની કઈ સંખ્યા ઉમેરવામાં આવશે જેથી કરીને તે 11 વડે સંપૂર્ણપણે વિભાજ્ય થઈ શકે?

- A. 2 ✓
- B. 6
- C. 3
- D. 5

**Q2** Arithmetic

જો $69^{0.07} = x$, $69^{0.67} = y$ અને $x^z = y^7$ હોય, તો z નું મૂલ્ય ________ના નિકટતમ છે.

- A. 66.87
- B. 67 ✓
- C. 69.08
- D. 67.51

**Q3** Arithmetic

લલિતની સરેરાશ માસિક કમાણી વર્ષના પ્રથમ ત્રણ મહિનામાં ₹37096 હતી. એપ્રિલમાં, તેની કમાણી પ્રથમ ત્રણ મહિનાની સરેરાશ કમાણી કરતાં 50% વધુ હતી. જો આખા વર્ષ માટે તેની સરેરાશ માસિક કમાણી ₹87305 હોય, તો લલિતની મે મહિનાથી ડિસેમ્બર સુધીની સરેરાશ માસિક કમાણી (₹માં) કેટલી હશે?

- A. 110089
- B. 110091 ✓
- C. 110094
- D. 110095

**Q4** Arithmetic

ત્રણ ભાગીદારોએ 8:4:6 ના ગુણોત્તરમાં એક વ્યવસાયમાં રોકાણ કર્યું હતું. તેઓએ તેમની મૂડીનું રોકાણ અનુક્રમે 10 મહિના, 4 મહિના અને 12 મહિના માટે કર્યું. તેમના નફાનો ગુણોત્તર શું હતો?

- A. 11:2:9
- B. 10:2:9 ✓
- C. 12:2:9
- D. 8:2:9

**Q5** Arithmetic

એક માણસ એક નજારાના સ્થળ પર ચાલતો જાય છે અને ત્યાંથી કારમાં ગતિ જાળવી રાખીને પ્રારંભિક બિંદુ પર પાછો ફરે છે. આમ તે કુલ 6 કલાક 15 મિનિટનો સમય લે છે. તે જો બંને તરફી મુસાફરી વાહનથી કરત તો તેના 2 કલાક બચ્યા હોત. તે બંને તરફની મુસાફરી સમાન ઝડપ જાળવી રાખીને ચાલતા કરે તો તેને કેટલો સમય લાગ્યો હોત?

- A. 8 કલાક 15 મિનિટ ✓
- B. 9 કલાક 30 મિનિટ
- C. 7 કલાક 15 મિનિટ
- D. 8 કલાક 45 મિનિટ

**Q6** Arithmetic

રાઘવે એક સેલ દરમિયાન ₹12 છાપેલ કિંમતવાળી નોટબુક 25% વળતર પર અને ₹75 છાપેલ કિંમત વાળી પેન 20% વળતર પર ખરીદી હતી. સેલને કારણે તેણે કેટલી (₹ માં) બચત કરી?

- A. 20
- B. 18 ✓
- C. 19
- D. 17

**Q7** Arithmetic

